# અનાજ વિતરણમાં ગેરરીતિ સામે એકનો પરવાનો રદ : ૮૭૬૬નો દંડ

## ગેરકાયદેસર અનાજ સંગ્રહખોરી મામલે ૬૫ જગ્યાએ દરોડા : રૂ. ૧૦,૦૫૩નો જથ્થો કબજે લેવાયો

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન અનાજ વિતરણમાં ગેરરિતી તેમજ હલકી ગુણવત્તાના ઝથ્થા સંદર્ભે ૨૦ ફરિયાદો વિભાગને મળી છે. આ ફરિયાદો સંદર્ભે દુકાનદારો સામે તપાસ હાથ ધરી રૂ. ૯૮૭૮૫નો જથ્થો કબજે લેવામાં આવ્યો છે. તેમજ એક કીસ્સામાં પરવાનો મોકુફ કરવામાં આવ્યો છે.

વિધાનસભા ગૃહમાં કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે રજૂ કરેલા પ્રશ્નના ઉત્તરમાં પુરવઠા મંત્રીએ જણાવ્યું હતું કે અનાજ વિતરણમાં ગેરરીતિ તેમજ હલકી ગુણવત્તાના જથ્થા સંદર્ભે વર્ષ ૨૦૧૩માં ૪ અને વર્ષ ૨૦૧૪માં ૧૬ સહીત બે વર્ષમાં કુલ ૨૦ ફરિયાદો સરકારને મળી હતી. જ્યારે આ ફરિયાદો અન્વયે સરકાર દ્વારા દુકાનદારો સામે તપાસ હાથ ધરવામાં આવી હતી. જેના અંતે રૂ. ૯૮,૭૮૫ની કિંમતનો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો કબજે લેવાયો છે. જ્યારે રૂ. ૧૦૮૦ની કીંમતનો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો રાજ્યસાત કર્યો છે. દુકાનેદારો પાસેથી રૂ. ૮,૭૬૬નો દંડ વસુલવામાં આવ્યો છે. આ ઉપરાંત એક કીસ્સામાં પરવાનો મોકુફ પણ કરવા સુધીના પગલા લેવાયા છે. આ ઉપરાંત ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલે રજૂ કરેલા પ્રશ્નના ઉત્તરમાં પણ પુરવઠા મંત્રીએ જણાવ્યું હતુ કે અનાજ અને ખાદ્ય ચીજવસ્તુઓની ગેરકાયદેસર સંગ્રહખોરી માટે એક વર્ષમાં ૬૫ દરોડા પાડવામાં આવ્યા છે. જ્યારે ૮૯૪ કીલો અનાજ તેમજ ૯ કીલો ખાદ્યતેલનો રૂ. ૧૦,૦૫૩નો જથ્થો પણ રાજ્યસાત કરવામાં આવ્યો છે.

### ● જિલ્લાની ડિપ્લોમાં ઈજનેરી કોલેજોમાં ૫૦ ટકા બેઠકો ખાલી

જિલ્લામાં ડિપ્લોમાં ઈજનેરી અભ્યાસક્રમ માટે એક સરકારી તેમજ ૧૧ સ્વનિર્ભર કોલેજો છે. વર્ષ ૨૦૧૪-૧૫ની પ્રવેશ પ્રક્રીયાના અંતે આ કોલેજોમાં ૬,૦૦૦ પૈકી ૨૯૮૯ બેઠકો ભરાઈ હતી. ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે પ્રવેશ પ્રક્રીયાના અંતે જિલ્લાની વિવિધ કોલેજોમાં ૩૦૧૧ જેટલી ડિપ્લોમાં ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામી છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
**- ધનંજય જોષી**

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ફરજ બજાવતા ૧૧ કર્મચારી અધિકારીઓ વિરૂદ્ધ છેલ્લા બે વર્ષ દરમિયાન ખાતાકીય તપાસ કરવામાં આવી છે. કલોલના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં પંચાયતમંત્રીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૩ દરમિયાન જિલ્લા પંચાયતમાં ફરજ બજાવતા વર્ગ-૨ અને વર્ગ-૩ના તેમજ વર્ષ ૨૦૧૪માં વર્ગ-૧ના એક, વર્ગ-૨ ના ૩ અને વર્ગ-૩ ના ૫ કર્મચારીઓ વિરૂદ્ધ ફરજમાં બેદરકારી દાખવવા અંગે ખાતાકીય તપાસ કરવામાં આવી હતી. જ્યારે આ પૈકી વર્ગ-૩ના બે કર્મચારીઓને ફરજ મોકુફ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત એક સામે ખાતાકીય તપાસ અને અન્ય ૯ કીસ્સામાં પ્રાથમિક તપાસ ચાલુ છે.

# શહેરમાં ઉનાળાનો આકમક આરંભ

## મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રીએ પહોંચતા વસાહતીઓએ આકરી ગરમીનો અનુભવ કર્યો

ગાંધીનગર, તા.૨૩

ચૈત્ર મહિનો બેસતાં જ ઉનાળાએ સૌમ્ય મિજાજ ત્યજીને રૌદ્ર રૂપ ધારણ કર્યું હોય તેમ સોમવારે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીએ પહોંચી ગયું હતું. બપોરે આકરો-તીખો તડકો પડતા વસાહતીઓ ઘરમાં પુરાઈ રહ્યા હતા. લઘુત્તમ તાપમાન પણ ૨૨ ડિગ્રી નોંધાતા રાત્રે પણ ગરમીનો અનુભવ થતો હતો. માર્ચ મહિનામાં વિક્રમજનક ગરમી આકરા ઉનાળાની એંધાણી આપી રહ્યા છે.

ઉનાળાના પ્રારંભે બેથી ત્રણ વખત માવઠા જેવું વાતાવરણ સર્જાતા વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. જો કે ગયા અઠવાડિયાથી ધીમે ધીમે ગરમી વધવાની શરૂઆત થઈ હતી. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની નજીક પહોંચી ગયું હતું. જો કે સોમવારે એકાએક જ ગરમી વધી હતી. સવારથી જ એવું લાગતું હતું કે આજે ઉનાળાનો આકરો મિજાજ જોવા મળશે. ગઈ કાલે રાત્રે પણ ખુબ ગરમીનો અનુભવ થતો હતો. સાંજે ગરમીનો અહેસાસ થતાં વસાહતીઓ ઘરની બહાર વધુ જોવા મળતા હતા. સ્વર્ણિમ પાર્કનો સમગ્ર વિસ્તાર વસાહતીઓથી ઉભરાતો હતો. મોડી રાત સુધી અહીં ભીડ જોવા મળી હતી.

આજે સૂર્ય મધ્યાહ્ને પહોંચ્યો ત્યારે તેની આક્રમકતા વધી હતી. ઘરની બહાર નીકળો તો તીખો તડકો ગરમીના રૌદ્ર સ્વરૂપની ચાડી ખાતો હતો. વસાહતીઓએ ઘર અને કચેરીમાંથી બહાર નીકળવાનું ટાળ્યું હતું. બજારોમાં પણ ભીડ ઓછી જણાતી હતી. આકરા તડકા અને ગરમીથી બચવા દ્વિચકી વાહનચાલકોએ ટોપી, રૂમાલ અને દુપટ્ટાનો આશરો લીધો હતો. આગામી દિવસોમાં વધુ આકરી ગરમી પડશે તેવી આગાહી હવામાનશાસ્ત્રીઓએ કરી છે.



# ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી અંગે બેઠક

ગાંધીનગર, તા.૨૩

૧લી મે, ગુજરાત સ્થાપના દિવસને રાજય સરકાર દ્વારા "ગૌરવ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. રાજય સરકાર દ્વારા દર વર્ષે ગુજરાત સ્થાપના દિવસને વિવિધ જિલ્લા મથકોએ ભવ્ય રીતે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે આ વર્ષે ૨૦૧૫માં ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી તાપી જિલ્લાના વ્યારા ખાતે કરવામાં આવશે. આ ઉજવણી સંદર્ભે આજે ગાંધીનગર ખાતે રાજયના મુખ્ય સચિવશ્રી ડી.જે.પાંડિયનના અધ્યક્ષસ્થાને પરામર્શ બેઠક યોજાઈ હતી, જેમાં ઉજવણીના સંદર્ભે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં તાપી કલેકટર શ્રી બી.સી.પટણી દ્વારા ગૌરવ દિવસ નિમિતે યોજાનાર વિવિધ કાર્યક્રમો જેવાં કે, તાપીનો ઈતિહાસ, સ્થાનિક લોકોની જીવનશૈલી અને સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેની વિગતે રૂપરેખા આપતું નિદર્શન રજૂ કરાયું હતું.

આ ઉજવણી અંગેની બેઠકમાં ગૃહવિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી જી.આર.અલોરિયા, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓ વિભાગના સચિવશ્રી મનીષ ભારદ્વાજ, રાજય પોલીસ વડા શ્રી પી.સી.ઠાકુર, માહિતી કમિશનર શ્રી એસ.બી.રાવલ સહિતના ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહી ઉજવણીની તૈયારી સંદર્ભે જરૂરી માર્ગદર્શન તેમજ સુચનો કર્યા હતા.

# ધોરણ-૧૦માં સંસ્કૃતનું પેપર વિદ્યાર્થીઓ માટે અઘરું રહ્યું

## ૩૪૫ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા : ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ ૯૨ વિદ્યાર્થીઓની હાજરી ઘટી

ગાંધીનગર, તા. ૨૩

ધો. ૧૦માં આજે નવા પાઠ્યપુસ્તક આધારિત લેવાયેલી સંસ્કૃતની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે સરળ રહી ન હતી. સ્કોરીંગ ગણાતા સંસ્કૃત વિષયની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે પ્રમાણમાં અઘરી પુરવાર થઈ હતી. જિલ્લામાંથી ૨૪૧૪૧ વિદ્યાર્થીઓને પરીક્ષા મળી હતી. જ્યારે ૩૪૫ ગેરહાજર રહ્યા હતા.

ધો. ૧૦માં આજે બોર્ડ પરીક્ષાના અંતે સંસ્કૃત વિષયની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે સરળ રહી ન હતી. વિષય નિષ્ણાંતના જણાવ્યા મુજબ પાઠ્ય પુસ્તક બદલાયા બાદ પ્રથમવાર લેવાયેલી આ પરીક્ષા વિદ્યાર્થીઓને થોડી અઘરી લાગી હતી. બે એમ.સી.ક્યુ. પણ અટપટા હોવાની સાથે થિયરીના પ્રશ્નો પણ પરીક્ષાર્થીઓને અઘરા લાગ્યા હતા. જેના લીધે પેપર વિદ્યાર્થીઓ માટે લેન્ધી રહ્યું હતું.

જિલ્લામાંથી ૨૪૪૮૬ પૈકી ૨૪૧૪૧ વિદ્યાર્થીઓએ સંસ્કૃતની પરીક્ષા આપી હતી. આ ઉરાંત ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં પણ સંસ્કૃત વિષયની પરીક્ષા લેવાઈ હતી. જિલ્લામાંથી ૫૫૭૦ પૈકી ૫૪૭૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જ્યારે ૯૨ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. આ ઉપરાંત ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૨૦૯૭ વિદ્યાર્થીઓએ હિન્દીની પરીક્ષા આપી હતી, જ્યારે ૫૨ ની હાજરી ઘટી હતી. ધો. ૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પૂર્ણ થતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો છે.

# જિલ્લામાં ૫ વર્ષમાં ૧૪૧ પ્રાથમિક શાળાઓ મંજૂર : ત્રણની માન્યતા રદ

## વર્ષ-૨૦૧૪-૧૫માં ૩૩ ખાનગી પ્રાથમિક શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૫ વર્ષદરમિયાન ૧૪૧ ખાનગી પ્રાથમિક શાળાઓ ખોલવા મંજૂરી આપવામાં આવી છે. જ્યારે ત્રણ પ્રાથમિક શાળાઓની માન્યતા રદ કરવામાં આવી છે.

વિધાનસભાગૃહની અતારાંકિત પ્રશ્નોત્તરીમાં વિરમગામના ધારાસભ્ય ડૉ. તેજશ્રીબેન પટેલના પ્રશ્ન સંદર્ભે સરકારે રજૂ કરેલા લેખિત જવાબમાં જણાવાયા મુજબ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૫ વર્ષ દરમિયાન ૧૪૧ પ્રાથમિક શાળાઓ ખોલવાની મંજૂરી આપવામાં આવી છે. જેમાં વર્ષ-૨૦૧૦-૧૧માં ૧૮, વર્ષ-૨૦૧૧-૧૨માં ૨૦, વર્ષ-૨૦૧૨-૧૩માં ૨૪, વર્ષ-૨૦૧૩-૧૪માં ૪૬ અને વર્ષ-૨૦૧૪-૧૫માં ૩૩ ખાનગી પ્રાથમિક શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત ૫ વર્ષમાં ત્રણ ખાનગી પ્રાથમિક શાળાઓની માન્યતા રદ કરવામાં આવી છે.

# આજોલમાં સંસ્કૃતની પરીક્ષામાં વિદ્યાર્થી ત્રણ કાપલી સાથે પકડાયો

## ધો. ૧૦માં સંસ્કૃતના છેલ્લા પેપરમાં સ્કોવોર્ડની ટીમે વધુ એક કોપી કેસ દાખલ કર્યો

ગાંધીનગર, તા. ૨૩

ધો. ૧૦ ની બોર્ડ પરીક્ષાના છેલ્લા દિવસે આજે જિલ્લાની આજોલ ગામમાં સ્થિત સી.એમ.ડી. હાઈસ્કૂલમાં પરીક્ષા આપતા એક વિદ્યાર્થીને સ્કોવોર્ડ ટીમે ચાર કાપલી સાથે ઝડપી લીધો હતો.

ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી અટકાવવા શિક્ષણતંત્ર દ્વારા તકેદારીના પુરતા પગલા લેવાયા છે. જેના પરિણામે આ વખતે બોર્ડ પરીક્ષા દરમિયાન જિલ્લામાંથી નોંધપાત્ર કોપીકેસ ધ્યાને આવ્યા છે. ધો. ૧૦ની બોર્ડ પરીક્ષાના અંતિમ દિવસે આજે સંસ્કૃત વિષયની પરીક્ષા દરમિયાન જિલ્લાના આજોલ ગામમાં

● અનુસંધાન પાન-૭ પર

# દારૂબંધીના કઠોર અમલની માંગ સાથે ગૃહમાં કોથળી-પત્રિકા ફેંકાઈ

## પ્રેક્ષક ગેલેરીમાંથી નિવૃત્ત શિક્ષકે દારૂબંધીની અમલવારીનો પર્દાફાશ કરી પત્રિકા અને પોટલી ગૃહમાં ફેંકી

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે દારૂની પોટલી સહિત પત્રિકાઓ ફેંકવાના બનાવે વિધાનસભા ગૃહને સ્તબ્ધ કરી દીધુ છે

ગુજરાત વિધાનસભા જોવા આવેલા સતલાસણના બાબુભાઈ પટેલે આ કૃત્ય કર્યુ હતુ. બાબુભાઈ પટેલ એ નિવૃત્ત શિક્ષક હોવા ઉપરાંત વ્યસન મુક્તિના અભિયાન ચલાવી રહ્યા છે અને દારૂબંધીની પરમીટો આપવામાં ચાલતા ભ્રષ્ટ્રાચારને નાથવા તેમણે આ રસ્તો અખત્યાર કર્યો હોવાનું જણાવ્યું હતું.

બાબુભાઈ પટેલ વિસનગરના ધારાસભ્યશ્રીના સમર્થક છે પણ આજે તેમણે પ્રવેશ માટે વિપક્ષના સભ્યની ભલામણ મેળવી પ્રવેશ લીધો હોવાનું જાણવા મળેલ છે.

આ બનાવ બનતાં જ વિધાનસભા સલામતી દળના જવાનોએ તેમને પકડી લીધા હતા અને સાંજે ગાંધીનગર પોલીસને હવાલે કર્યા હતા.

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે કૃષિ વિભાગની માંગણીઓ પરની ચર્ચા ચાલી રહી હતી. ત્યારે પ્રેક્ષક ગેલેરીમાંથી એક નિવૃત આચાર્યએ દેશીદારૂ જેવા તરલ પ્રવાહી ભરેલી એક પ્લાસ્ટીકની કોથળી અને ગુજરાતમાં દારૂબંધીના અમલ માટેની પત્રિકાઓ ગૃહમાં ફેંકી માત્ર ગુજરાતમાંજ નહિ દેશભરમાં ભારે સમસમાટી ફેલાવી દીધી હતી. અંગ્રેજી શાસન દરમિયાન ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવ અંગ્રેજોની ગુલામીમાંથી દેશને મુક્ત કરાવવા જે રીતે સંસદમાં બોંબ ફેંકીને દુનિયાને ચોંકાવી દીધી હતી અને શહીદી વહોરી હતી. બિલકુલ એ જ તર્જ પર આજે એક નિવૃત આચાર્યએ

● અનુસંધાન પાન-૭ પર



અનોખી મહેફીલ - કલા ગુર્જરી દ્વારા હેમંતદા અને કિશોરકુમારના સ્વરમાં જાણીતા પાર્શ્વગાયક સુરોજીત ગુહા અને આનલ વસાવડાની અનોખી મહેફીલ 'મેરે સપનાકી રાની' યોજાઈ હતી. ફિલ્મ સંગીતના યાદગાર ગીતોને રજૂ કરી શ્રોતાઓના મન જીતી લીધા હતા... જાણીતા પ્રવકતા તુષાર જોષીએ રસપ્રદ શૈલીમાં કાર્યક્રમનું સંચાલન સંભાળ્યું હતું.

# રાજ્યનો કૃષિ વિકાસ દર ૧૧.૭ ટકા

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતમાં કૃષિલક્ષી યોજનાઓ અને નીતિઓને કારણે ગુજરાતે કૃષિક્ષેત્રે હરણફાળ ભરી છે અને ૧૯૯૧-૨૦૦૦ના દાયદામાં ૨.૦૯ ટકા રહેતો કૃષિદર ૨૦૧૩-૧૪માં ૧૧.૭ ટકા જેટલો રહેવા પામ્યો છે તેમ કૃષિ સહકાર, પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ગૌસંવર્ધન વિભાગના ૨૦૧૫-૧૬ના અંદાજપત્ર પ્રવચનમાં કૃષિ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું કે, ૧૯૮૫-૮૬ થી ૧૯૯૫-૯૬ના દસકામાં કૃષિનું બજેટ ૫૯૧.૬૩ કરોડ હતું આજે ૨૦૦૪-૦૫ થી ૨૦૧૪-૧૫ના વર્ષમાં ૧૭૬૨૦.૮૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે જે ૧૯૮૫-૮૬ થી ૧૯૯૫-૯૬ના દસકાની સરખામણીમાં ૩૩ ગણો વધારો દર્શાવે છે તે રાજ્ય સરકાર ખેડૂતો અને કૃષિ માટે ચિંતિંત છે, તે થયો છે. આમ, આજે વિધાનસભામાં કૃષિ વિભાગની રૂ. ૨૭૦૯.૬૯ કરોડની માંગણીઓ બહુમતીથી પસાર કરવામાં આવી હતી.

મંત્રીશ્રીએ જણાવ્યુ કે, જળસંચયના કામો, સિંચાઈ વિસ્તારમાં થયેલ વધારો તેમજ સોઈલ હેલ્થ કાર્ડ મારફતે જમીનની ચકાસણી જેવી બાબતોને લઈ રાજયમાં કુલ ખાદ્યપાકોનું કૃષિ ઉત્પાદન ૯૫-૯૬માં ૪૧.૦૦ લાખ મે.ટન હતું જે ૨૦૧૩-૧૪માં ૯૩.૮૨ લાખ મે. ટન થવા પામ્યું છે. તેવી જ રીતે તેલીબીયાં પાકોનું ઉત્પાદન ૯૫-૯૬માં ૨૧.૫૬ લાખ મે. ટન હતું તે ૨૦૧૩-૧૪માં ૭૪.૯૦ મે.ટન થયું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતના ખેડૂતોની અથાગ મહેનત અને રાજયના કૃષિલક્ષી અભિગમને લઈ ખેડૂતોએ અવનવા કૃષિ પ્રયોગો કર્યા છે. એટલું જ નહીં રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમ યોજી ૩૬૬૦૩ ખેડૂતોને વિવિધ સહાયો હેઠળ ૯૭.૭૨ કરોડ ચૂકવવામાં આવ્યા છે. તદ ઉપરાંત કૃષિ મહોત્સવમાં ૧૭૮ જેટલા પશુ વંધ્યત્વનિવારણ કેમ્પનું આયોજન કરી ૧,૧૯,૪૫૭ પશુઓની સારવાર કરવામાં આવી હતી. આગામી ૨૦૧૫-૧૬માં કૃષિ

● અનુસંધાન પાન-૭ પર












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com